


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા




માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ અંક : ૩૯ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ વદ આઠમ, સોમવાર ૮ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

# ભારતમાં પહેલીવાર વસ્તી વૃદ્ધિ દરમાં ઘટાડો

**નિષ્ણાતો** કહે છે કે પ્રજનન દરના ઘટાડાથી આ સદીના અંત સુધીમાં દેશની વસ્તી એક અબજથી ઓછી થઈ જશે

**ભારતનો** પ્રજનન દર 2.3થી ઘટીને 1.9 થઇ ગયો, વસ્તીને સ્થિર રાખવા માટેનો આ દર 2.1 હોવો જોઇએ

**નવી દિલ્હી, તા. 7:** કેન્દ્રીય ગૃહ મંત્રાલય હેઠળના રજિસ્ટ્રાર જનરલ અને સેન્સસ કમિશનરની કચેરી દ્વારા બહાર પાડવામાં આવેલા 'સેમ્પલ રજીસ્ટ્રેશન સિસ્ટમ(SRS) સ્ટેટિસ્ટિકલ રિપોર્ટ 2024' અનુસાર, ભારતનો કુલ પ્રજનન દર ઈતિહાસમાં પહેલીવાર રિપ્લેસમેન્ટ થ્રેશોલ્ડ (વસ્તી સ્થિર રાખવા માટે જરૂરી દર) કરતા નીચે આવી ગયો છે. આ દર ૨.૧ હોવો જોઈએ તેને બદલે ૧.૯ થઈ ગયો છે.

કુલ પ્રજનન દર, જે એક મહિલા તેના જીવનકાળ દરમિયાન સરેરાશ કેટલા બાળકોને જન્મ આપશે તેનું માપદંડ છે, તે હવે લાંબા ગાળે



વસ્તીને સ્થિર રાખવા માટે જરૂરી સ્તર કરતાં ઓછો થઈ ગયો છે. વર્ષ 1950માં ભારતની વસ્તી 36 કરોડ હતી, ત્યારે એક સરેરાશ મહિલા છ બાળકોને જન્મ આપતી હતી. આજે દેશની વસ્તી 1.45 અબજ છે. વર્ષ 2023માં ભારત ચીનને પછાડીને વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બન્યો હતો અને ત્યારથી વસ્તી સતત વધી રહી છે. જો કે, સરકારી અહેવાલ મુજબ ભારતનો કુલ પ્રજનન દર (TFR) ઘટ્યો છે. નોંધનીય છે કે રાષ્ટ્રીય TFR હવે 2.1 ના રિપ્લેસમેન્ટ બેન્ચમાર્કથી નીચે આવી ગયો છે. આગામી કેટલાક વર્ષો સુધી વસ્તીમાં વધારો ચાલુ રહેવાની ધારણા છે. જો કે, જ્યાં સુધી પ્રજનન દર ફરીથી 2.15 થી ઉપર નહીં જાય ત્યાં સુધી ભવિષ્યમાં

...અનુસંધાન પાના 2 પર

### રિપ્લેસમેન્ટ લેવલ શું છે?

સ્થિર વસ્તી જાળવવા માટે, એક સરેરાશ મહિલા તેના જીવનકાળમાં 2.1 બાળકોને જન્મ આપે તે જરૂરી છે. તેને રિપ્લેસમેન્ટ રેટ કહેવામાં આવે છે. વસ્તીની બાબતમાં રિપ્લેસમેન્ટ લેવલ એટલે કે એક પેઢીથી બીજી પેઢી બદલાય ત્યારે વસ્તી સ્થિર રહેવાનો દર છે. એ એવો સરેરાશ આંકડો છે જે એક પેઢીમાંથી બીજી પેઢીમાં વસ્તી વધ્યા કે ઘટ્યા વિના સ્થિર રાખવા માટે દરેક મહિલા પાસે હોવો જરૂરી છે. જો પ્રજનન દર લાંબા સમય સુધી આ સ્તરથી નીચે રહે છે, તો વસ્તી વૃદ્ધિ ધીમે ધીમે ધીમી પડી જાય છે.

### શું હવે ભારતની વસ્તી ઘટશે?

વસ્તી થોડા વર્ષો સુધી સ્થિર રહેવાની ધારણા છે. જોકે, જ્યાં સુધી પ્રજનન દર ફરીથી 2.15 થી ઉપર નહીં વધે, ત્યાં સુધી ભવિષ્યમાં વસ્તીમાં ઘટાડો થવાનું નિશ્ચિત છે. ધ ઇકોનોમિસ્ટના એક અહેવાલ મુજબ, પ્રજનન દરમાં વધુ ઘટાડો થવાની સંભાવના છે, જે આ ઘટાડાને વેગ આપી શકે છે.

### નિષ્ણાતો શું કહે છે

રિપોર્ટમાં જણાવાયું છે કે યુનિવર્સિટી ઓફ વોશિંગ્ટનના ઇન્સ્ટિટ્યૂટ ફોર હેલ્થ મેટ્રિક્સ એન્ડ ઇવેલ્યુએશનના સંશોધકોનો અંદાજ છે કે ભારતની વસ્તી 21 વર્ષમાં ટોચ પર હશે, ત્યારબાદ તે ઝડપથી ઘટવાનું શરૂ કરશે. સદીના અંત સુધીમાં, દેશની વસ્તી એક અબજથી થોડી વધુ થવાનો અંદાજ છે, જે આશરે 500 મિલિયન લોકોનો ઘટાડો દર્શાવે છે.

### પ્રજનન દર સંબંધિત મહત્વના આંકડા


- છેલ્લા દાયકામાં ભારતનો કુલ પ્રજનન દર 2.3 થી ઘટીને 1.9 થયો છે, જે 2.1 ના રિપ્લેસમેન્ટ સ્તરથી નીચે છે.
- ઘણા ભારતીય રાજ્યોમાં પ્રજનન દર હવે વિકસિત દેશોની તુલનામાં અથવા તેનાથી પણ ઓછો છે.
- દિલ્હીનો પ્રજનન દર પ્રતિ મહિલા આશરે ૧.૨ જન્મ દર્શાવે છે, તે ફિનલેન્ડ કરતા ઓછો અને

...અનુસંધાન પાના 2 પર

## સૂર્યમાં થયેલા પ્રચંડ વિસ્ફોટની અસર આજે પૃથ્વી પર વર્તાવાની સંભાવના

**એલર્ટ** પર રહેલા નાસાએ ઉત્તર ભારત, યુરોપ અને ઓસ્ટ્રેલિયામાં આકાશમાં ધ્રુવીય લાઈટ્સની શક્યતા દર્શાવી

**આશરે** ૧,૪૦૦ કિલોમીટર પ્રતિ સેકન્ડની ઝડપે સૌરમંડળને પાર કરીને કોર ફિલામેન્ટ આજે પૃથ્વી પર પહોંચવાની અપેક્ષા



**વોશિંગ્ટન, તા. 07 :** આખુ અઠવાડિયુ બેચેન રહેલા સૂર્યમાં સતત વિસ્ફોટ થયા છે, જાણે કોઇ શહેરમાં આતશબાજી થતી હોય તેમ તે ચાલું રહ્યું હતું અને તેણે ચુંબકીય વાયુના વાદળો એક પછી એક સૌરમંડળમાં મોકલાવ્યા છે, તેમાંથી મોટાભાગના વિખેરાઇ ગયા પણ કેટલાક પૃથ્વીના ચુંબકીય ક્ષેત્ર તરફ આવ્યાનું કહેવાયું છે. સૌર સપાટીના એક ભાગ જેને એક્ટિવ રિજન 4461 કહેવાય છે, તેણે M1.8 ફ્લેર તરીકે વર્ગીકૃત થયેલા વિસ્ફોટ કર્યો, જે સૌર ફ્લેર

...અનુસંધાન પાના 2 પર

## જંતર મંતર તો માત્ર ટ્રેલર, પ્રધાન 7 દિવસમાં રાજીનામુ આપે : CJP

**કેન્દ્રીય** મંત્રી પ્રધાન રાજીનામું ન આપે ત્યાં સુધી સીજેપીનું આંદોલન ચાલુ રહેશે : અભિજીત દીપકે

**છત્રપતિ સંભાજીનગર, તા. 7 (PTI):** કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજીત દીપકેએ રવિવારે જંતર મંતર પરના વિરોધ પ્રદર્શનમાં સામેલ થવા બદલ લોકોનો આભાર માનીને ચેતવણી ઉચ્ચારી હતી કે જો સાત દિવસમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને તેમના હોદ્દા પરથી દૂર કરવામાં નહીં આવે કે તેઓ રાજીનામું નહીં આપે ત્યાં સુધી આ આંદોલન અટકશે નહીં. X પરની એક પોસ્ટમાં અને તે પછી અહીં પત્રકારો સાથે વાત કરતાં દીપકેએ એવો પણ દાવો કર્યો હતો કે, શનિવારે નવી દિલ્હીમાં જંતર-મંતર ખાતે સીજેપી ના બેનર હેઠળ આયોજિત વિરોધ પ્રદર્શન મોટા પાયે સફળ રહ્યું હતું, જેમાં આશરે 7,000 લોકોએ ભાગ લીધો હતો. તેમણે ઉમેર્યું હતું કે, આ આંદોલન

...અનુસંધાન પાના 2 પર

## ઘરેલુ રાંધણ ગેસના ભાવમાં રૂ. 29નો વધારો

**ઇરાન** યુદ્ધ શરૂ થયા પછી ઘરવપરાશના એલપીજીમાં બીજી વખત વધારો, અગાઉ રૂ. ૬૦ વધારાયા હતા

**ઉજ્જવલા** યોજનાના લાભાર્થીઓને વર્ષના પ્રથમ ચાર સિલિન્ડર રૂ. ૬૪૨ના ભાવે મળવાનું ચાલુ રહેશે

**સરકારનો** બોદો બચાવ : પશ્ચિમ એશિયા સંકટને કારણે તિવ્ર ઉછાળો છતાં ભારતમાં અન્ય દેશ કરતાં LPG સસ્તો

**નવી દિલ્હી, તા. 7 :** ઘરેલુ રાંધણ ગેસ (LPG)ના ભાવમાં સિલિન્ડર દીઠ રૂ. 29નો વધારો કરવામાં આવ્યો છે. વૈશ્વિક ઊર્જા ખર્ચના ઊંચા સ્તરનો સામનો કરી રહેલી સરકારી માલિકીની ઈંધણ રિટેલર કંપનીઓ દ્વારા છેલ્લા ત્રણ મહિનામાં આ બીજો વધારો કરવામાં આવ્યો છે. ઉદ્યોગના સૂત્રોના જણાવ્યા અનુસાર, 7 જૂનથી દિલ્હીમાં 14.2 કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત રૂ. 913થી વધીને રૂ. 942 થશે. આ અગાઉ મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે વૈશ્વિક ઊર્જા પુરવઠો ખોરવાતા અને આંતરરાષ્ટ્રીય ઈંધણના ભાવ વધતા, 7 માર્ચે સિલિન્ડર દીઠ રૂ. 60 નો વધારો કરવામાં આવ્યો હતો, જે બાદ હવે આ નવો વધારો ઝીંકવામાં આવ્યો છે. ઉદ્યોગના સૂત્રોએ જણાવ્યું હતું કે આ વધારાથી ઘરેલું એલપીજીના વેચાણ પર થઈ રહેલા નુકસાનની માત્ર આંશિક ભરપાઈ જ થઈ શકી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, તાજેતરના ભાવ સુધારા

...અનુસંધાન પાના 2 પર

### રાંધણગેસના ભાવવધારા અંગે વિપક્ષે સરકારની ઝાટકણી કાઢી

વિરોધ પક્ષોએ રવિવારે ઘરેલું એલપીજી સિલિન્ડરના ભાવવધારા મુદ્દે મોદી સરકારની આકરી ટીકા કરી છે. વિપક્ષોનું કહેવું છે કે ઇંધણના ભાવમાં વારંવાર થતો આ વધારો સામાન્ય પરિવારો પર બોજ વધારી રહ્યો

...અનુસંધાન પાના 2 પર

## પરસ્પરના મતભેદ ઉકેલવા આજે વિપક્ષી ઈન્ડિયા ગઠબંધનની બેઠક

**૨૩ રાજકીય** પક્ષોએ 'ઇન્ડિયા જનબંધન' બેઠકમાં તેમની ભાગીદારીની પુષ્ટિ કરી હોવાનો રમેશનો દાવો

**ડીએમકે** અને આમ આદમી પાર્ટી બેઠકમાં હાજરી નહીં આપે

**નવી દિલ્હી, તા. 7 (PTI):** તાજેતરની વિધાનસભા ચૂંટણીઓમાં પ્રાદેશિક આધારસ્તંભ ગણાતા ટીએમસી અને ડીએમકેના પરાજય બાદ બદલાયેલા સત્તાના સમીકરણો વચ્ચે ભાજપનો સામનો કરવા માટે પોતાની વ્યૂહરચના ફરીથી તૈયાર કરવા અને પરસ્પર મતભેદો ઉકેલવા માટે વિપક્ષી ઈન્ડિયા ગઠબંધનના આશરે ૨૩ રાજકીય પક્ષો સોમવારે બેઠક કરશે. રાષ્ટ્રીય પાટનગરમાં આવેલી કન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે યોજાનારી આ બેઠકમાં કોંગ્રેસના રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે, ટીએમસીના મમતા બેનર્જી અને અભિષેક બેનર્જી, સમાજવાદી

...અનુસંધાન પાના 2 પર

## મુકેશ અંબાણીને પાછળ છોડી ગૌતમ અદાણી ફરી એશિયાના સૌથી ધનિક બન્યા

**નવી દિલ્હી : તા. 07 :** અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીની સંપત્તિ વધીને ૮૯.૨ અબજ ડૉલર થઈ ગઈ છે. આ તેમને એશિયામાં સૌથી અમીર વ્યક્તિ બનાવે છે.



ફોર્બ્સની રિયલ-ટાઈમ બિલિયોનર્સ લિસ્ટમાં આ માહિતી આપવામાં આવી છે. અદાણી પછી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (રિલ)ના ચેરમેન મુકેશ અંબાણી ૮૮ અબજ ડૉલર સાથે બીજા ક્રમે છે. સોફ્ટબેંકના માસાયોશી સનને ૮૭ અબજ ડૉલર સાથે ત્રીજું સ્થાન મળ્યું છે. સન ગુરુવારે જાપાની ઈન્વેસ્ટમેન્ટ ફર્મના શેરોમાં ઘટાડો થતાં પહેલાં એશિયાના સૌથી અમીર વ્યક્તિ હતા. ગૌતમ અદાણીની સંપત્તિનો મુખ્ય સ્ત્રોત અદાણી ગ્રુપની કંપનીઓમાં હિસ્સેદારી છે. અદાણી ગ્રુપની છ કંપનીઓનું સંયુક્ત માર્કેટ વેલ્યુ શુક્રવાર

...અનુસંધાન પાના 2 પર

તા. ૦૭-૦૬-૨૦૨૬નું સુરત શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૯° સે. | ૨૮.૬° સે. | ૬૧% |

## NTA, CBSEની સંસદીય સમિતિ દ્વારા પૂછપરછ

**બંને** સંસ્થાઓના ઉચ્ચ અધિકારીઓ સંસદીય સમિતિ સમક્ષ હાજર થયા

**રૂબરૂ** ખુલાસાઓ સાંભળવા ઉપરાંત બંને પાસેથી લેખિતમાં જવાબો પણ મંગાવાયા

**નવી દિલ્હી, તા. 7 (PTI):** એક સંસદીય સમિતિએ નેશનલ ટેસ્ટિંગ એજન્સીને તેની વ્યાખ્યામાં પેપર લીક એટલે શું તે સ્પષ્ટ કરવા અને 2018 થી તેના દ્વારા લેવાયેલી પરીક્ષાઓમાં કોઈ પેપર લીક થયું છે કે કેમ, તે જણાવવા કહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગયા અઠવાડિયે સમિતિ સમક્ષ NTA ના અધિકારીઓ હાજર થયા બાદ આ પ્રશ્નાવલી મોકલવામાં આવી છે. અધિકારીઓએ દાવો કર્યો હતો કે તેમની સિસ્ટમમાંથી

...અનુસંધાન પાના 2 પર

## ટ્રમ્પની AI નીતિના ઘડવૈયા શ્રીરામ ક્રિષ્નનનું સલાહકારપદેથી રાજીનામુ

**રાજીનામાનું** કારણ આપ્યું નહીં, થોડા સમય પછી અમેરિકા માટે નવું કામ કરવાની વાત કરી

**વોશિંગ્ટન, તા. 7 (PTI):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI) અંગેની નીતિઓના મુખ્ય ઘડવૈયા, ચેન્નાઈમાં જન્મેલા શ્રીરામ ક્રિષ્નન



વ્હાઈટ હાઉસમાં સિનિયર પોલિસી એડવાઈઝર તરીકેના પોતાના પદ પરથી રાજીનામું આપી રહ્યા છે. માઈક્રોસોફ્ટ, ફેસબુક અને ટ્વિટર જેવી કંપનીઓમાં કામ કરી ચૂકેલા 42 વર્ષીય ક્રિષ્નને શનિવારે 'X'(અગાઉનું ટ્વિટર) પર એક પોસ્ટ દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટેના સિનિયર પોલિસી એડવાઈઝરનું પદ છોડવાની જાહેરાત કરી હતી. ક્રિષ્નને જણાવ્યું હતું કે, હું આ મહિનાના અંતમાં વ્હાઈટ હાઉસમાં મારી ભૂમિકા છોડી રહ્યો છું. એક નાનકડા બ્રેક પછી, હું AI ક્ષેત્રે અમેરિકા સામે આવી રહેલા

...અનુસંધાન પાના 2 પર

